ગીતામાં ઈશ્વરનું સ્વરૂપ

અમર સ્વામી સરસ્વતી

અનુવાદક
ભાવેશ મેરજા

પ્રકાશક :
આર્ય સમાજ મંદિર
મહર્ષિ દયાનંદ માર્ગ
રાયપુર દરવાજા બહાર અમદાવાદ ૨૨

॥ ओ३म् ॥

ગીતામાં ઈશ્વરનું સ્વરૂપ

લેખક :

અમર સ્વામી સરસ્વતી

અનુવાદક :

ભાવેશ મેરજા, ભરૂચ.

મુદ્રક :

દિવ્ય ગ્રાફિક્સ

જી/૧ ભાસ્કર ફ્લેટ,

મીરામ્બીકા સ્કૂલ રોડ,

નારણપુરા, અમદાવાદ - ૧૩

ફોન નં : ૪૫૬ ૦૫૬

પ્રકાશક:

આર્યસમાજ મંદિર

મહર્ષિ દયાનંદ માર્ગ, રાયપુર દરવાજા બહાર

પ્રથમ સંસ્કરણ   અમદાવાદ-૨૨   ઑક્ટોબર '૯૪

મૂલ્ય ત્રણ રૂપિયા

❖ અનુવાદકની ભૂમિકા ❖

મહર્ષિ કપિલે સાંખ્યદર્શનમાં એક સનાતન સત્યનો પ્રકાશ કરતા કહ્યું છે -उपदेश्योपदेष्टृत्वात् तत्सिद्धिः । इतरथान्धपरम्परा । અર્થાત્ જ્યારે ઉત્તમ પ્રકારના ઉપદેશકો હોય છે ત્યારે ધર્મ, અર્થ, કામ અને મોક્ષની સિદ્ધિ પણ સહજતાથી થાય છે; અને જ્યારે સત્યનો પ્રકાશ કરનાર ઉપદેશકો અને જિજ્ઞાસુ શ્રોતાઓનો અભાવ થઈ જાય છે ત્યારે સંસારમાં અંધપરંપરા ચાલે છે. મહર્ષિ કપિલની આ વાત આપણા આર્યાવર્ત નામના પ્રાચીન દેશ માટે સાવ સાચી પડી છે. એ એક સિદ્ધ વાત છે કે પાંચ હજાર વર્ષ પહેલાં વેદમતથી ભિન્ન બીજો કોઈ મત નહોતો. કારણકે વેદોક્ત વાતો યથાર્થ વિદ્યાયુક્ત છે. પરંતુ લગભગ મહાભારતના સમયથી વેદોના વિધિવત્ અભ્યાસમાં જે શિથિલતા આવી, તેને પરિણામે સંસારમાં અવિદ્યારૂપી અંધકાર ફેલાયો છે. મનુષ્યોની બુદ્ધિ સત્ય-અસત્યનો વિવેક કરવામાં ભ્રમિત થવા માંડી. પ્રાચીન વેદજ્ઞ ઋષિઓએ અંગ-ઉપાંગો સહિત વેદાધ્યયનની જે વૈજ્ઞાનિક પરંપરા ઊભી કરી હતી તે પણ ધીમે ધીમે ક્ષીણ થવા લાગી. વેદ દિનપ્રતિદિન માનવસમાજમાં ક્લિષ્ટ મનાવા લાગ્યા.

આવી અવસ્થામાં સમાજની કેટલીક પ્રભાવી વ્યક્તિઓએ પોતાની વ્યક્તિગત માન્યતાઓને જનમાનસમાં ધર્મના નામે ફેલાવવાનો ઉપક્રમ આદર્યો. આ રીતે સંપ્રદાયવાદે પોતાનાં મૂળ નાખ્યાં. અવતાર, પયગમ્બર, ઈશ્વરપુત્ર, તીર્થંકર અને ગુરુ વગેરેના નામ પર માનવપરિવાર વિભક્ત થવા લાગ્યો. આનું વિઘાતક પરિણામ આજે આપણી આંખ સમક્ષ છે. ધર્મના નામે ઊભા થયેલા અનેક સંપ્રદાયોએ માનવજાતિને વેરવિખેર કરી પરસ્પર ઈર્ષા, દ્વેષ, ઘૃણા, તિરસ્કાર અને પ્રતિસ્પર્ધામાં પ્રવૃત કરી દીધી છે.

જે જાતિના પૂર્વજો હંમેશાં એક ચેતન નિરાકાર, સર્વવ્યાપક ઈશ્વરની જ ઉપાસના કરતા હતા. તેમનાં સંતાનો આજે વિવિધ પ્રકારનો આકાર ધરાવતી જડ મૂર્તિઓની પૂજા-અર્ચનાને ઈશ્વર પ્રાપ્તિનું

અફર સાધન માની રહ્યાં છે. જે પવિત્ર વેદોમાં ઈશ્વરને **'अज एकपात'** અને **'सपर्यगाच्छुक्रमकायम्'** જેવા શબ્દોથી સ્પષ્ટ રીતે જ અજન્મા અને શરીર રહિત પ્રતિપાદિત કરવામાં આવ્યા છે એવા વેદોનો આદરપૂર્વક તિરસ્કાર કરી આજનો હિન્દુ અવતારવાદ જેવી મૂઢ કલ્પનાનો શિકાર બન્યો છે. વેદોનું સ્થાન સાંપ્રદાયિક ગ્રંથોએ લઈ લીધું છે. વેદ, ઉપનિષદ્ અને દર્શન જેવા મહાન ગ્રન્થોની મનમાની વ્યાખ્યાઓ પ્રસ્તુત કરી સાંપ્રદાયિક વિદ્વાનોએ જનતાને આ વૈદિક ગ્રન્થોના સ્વાભાવિક મંતવ્યોથી વંચિત રાખી છે. ગીતા પણ આવા સાંપ્રદાયિક મનોવૃત્તિના વિદ્વાનોનો શિકાર બની છે. મહાભારતના કલેવરમાંથી અઢાર અધ્યાયો પૃથક્ કરી, તેની વિશિષ્ટ શૈલીનો ફાયદો ઉઠાવી, અનેક પ્રભાવી આચાર્યોએ ગીતાને માધ્યમ બનાવી પોતાના કાલ્પનિક મતોનો જનતામાં પ્રચાર કર્યો છે.

પ્રસ્તુત પુસ્તકમાં ગીતામાં ઈશ્વરનું કેવું સ્વરૂપ વર્ણિત છે એ બતાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. લેખકનો દૃઢ મત છે કે શ્રીકૃષ્ણ મહારાજે ગીતામાં એક, નિરાકાર, સર્વત્ર વ્યાપક, ચેતન ઈશ્વરની ભક્તિ કરવાની વેદોક્ત વાત જ અર્જુન સમક્ષ મૂકી છે. આજે જ્યારે પૌરાણિક સંસ્કારોમાં રંગાયેલા કેટલાક વાક્પટુ વિદ્વાનો ગીતાની વિશિષ્ટ શૈલીની આડમાં અવતારવાદ અને મૂર્તિપૂજા જેવા અવૈદિક કુસંસ્કારોને જનમાનસમાં ફરીથી દૃઢમૂળ કરવા યેનકેન પ્રકારેણ પ્રયત્નો કરી રહ્યા છે, ત્યારે અમર સ્વામી સરસ્વતી જેવા પ્રકાંડ વૈદિક વિદ્વાન્ દ્વારા પ્રણીત આ નાનકડું પુસ્તક જિજ્ઞાસુ પાઠકો માટે દિશાસૂચક સિદ્ધ થશે, એવી અમે આશા રાખીએ છીએ. સ્વામીજીએ આ પુસ્તકમાં વેદ, ઉપનિષદ્ અને ગીતાનાં પ્રમાણો દ્વારા ઈશ્વરના વાસ્તિવક સ્વરૂપનું વર્ણન કર્યું છે. ગીતા સ્વયં આ વિશે શું કહે છે ? આ પ્રશ્નનો ઉત્તર પાઠકોને આ પુસ્તકનો મનોયોગપૂર્વક અભ્યાસ કરવાથી મળશે એવી અમને શ્રદ્ધા છે.

આર્ય સમાજ, નવાડેરા, વિનીત
ભરૂચ-૩૯૨ ૦૦૧. **ભાવેશ મેરજા**

લેખક
અમર સ્વામી સરસ્વતીનો પરિચય

આ પુસ્તકના લેખક અમર સ્વામી સરસ્વતીનું પૂર્વાશ્રમનું નામ **ઠાકુર અમરસિંહ 'આર્ય પથિક'** હતું. તેમનો જન્મ ઈ.સ. ૧૮૯૪માં બુલંદશહેર જિલ્લા '(ઉ.પ્ર.)ના અરણિયા ગામમાં થયો હતો. તેમના પિતાજી ઠાકુર ટીકમસિંહે કર્ણવાસ પાસે ગંગાના તટ પર આર્ય સંસ્કૃતિના પુનરુદ્ધારક મહર્ષિ દયાનંદ સરસ્વતીનાં દર્શન કર્યાં હતાં અને તેમનાં પ્રવચનો પણ સાંભળ્યાં હતાં. ઠાકુર અમરસિંહે ખુર્જામાં આવેલી રાધાકૃષ્ણ સંસ્કૃત પાઠશાળામાં શિક્ષણ લીધું. ઈ.સ. ૧૯૧૪ થી ૧૯૧૮ સુધી આગ્રાના મુસાફર વિદ્યાલયમાં રહી તેમણે ફારસી તેમજ અરબી ભાષાઓનો અભ્યાસ કર્યો. તેમણે મૌલવી કરીમુદ્દીન પાસે કુરાનનો વિધિવત્ અભ્યાસ કર્યો. પંજાબના મહાપુરૂષ અને મહાન શિક્ષણશાસ્ત્રી મહાત્મા હંસરાજની પ્રેરણાથી તેમણે ઈ.સ. ૧૯૧૮ થી વૈદિક ધર્મના ઉપદેશક તરીકેનું જીવન અપનાવ્યું. દેશના વિભાજન પછી પણ ઠાકુર અમરસિંહે અનેક સ્થળોને કેન્દ્ર બનાવી ધર્મોપદેશનું કાર્ય નિરંતર ચાલું જ રાખ્યું. ઈ.સ. ૧૯૬૭માં તેમણે સંન્યસ્ત લઈ 'અમર સ્વામી' નામ ધારણ કર્યું. શાસ્ત્રાર્થ તેમ જ પ્રવચનકળામાં નિપુણ એવા અમર સ્વામી એક સિદ્ધહસ્ત લેખક પણ હતા. તા.૪.૯.૮૭ના દિવસે ગાજિયાબાદમાં તેમનું નિધન થયું.

-'आर्य लेखक कोश'**માંથી સાભાર.**

ગીતામાં ઈશ્વરનું સ્વરૂપ

ઈશ્વર સાકાર છે કે નિરાકાર ? આ વિષય છેલ્લી કેટલીક સદીઓથી સમગ્ર આસ્તિક જગતમાં વિવાદાસ્પદ બની ગયો છે. ઈશ્વર ન્યાયકારી છે, દયાળુ છે, સર્વશક્તિમાન છે, જગતનો રચયિતા, ધારણકર્તા અને પ્રલયકર્તા છે - આ વિશે આસ્તિક લોકોમાં લગભગ કોઈ પ્રકારનો મતભેદ નથી. પરંતુ 'ઈશ્વરનું સ્વરૂપ કેવું છે ?' એ વિષય પર ઘણા લાંબા સમયથી મતભેદ ચાલ્યા કરે છે. આ વિવાદાસ્પદ વિષય પર ઘણી વખત શાસ્ત્રાર્થ થયા છે અને આજે પણ થતા રહે છે.

હકીકતમાં આ સાકાર-નિરાકારનો વિષય કોઈ જટિલ વિષય નથી, પરંતુ કેટલાક પક્ષપાતી વિદ્વાનોએ તેને જટિલ બનાવી નાખ્યો છે. ભારતમાં જ્યારથી મૂર્તિપૂજાનો આરંભ થયો છે ત્યારથી આ વિવાદ ઉત્પન્ન થયો છે કે ઈશ્વર સાકાર છે કે નિરાકાર ? નિરાકારની મૂર્તિ બની શકતી નહિ હોવાથી મૂર્તિપૂજાનો પક્ષ ધરાવતા લોકોને સાકાર ઈશ્વરની કલ્પના કરવી પડી. "મુણ્ડે મુણ્ડે મતિર્ભિન્ના" અર્થાત્ દરેકના મસ્તિષ્કમાં ભિન્ન ભિન્ન બુદ્ધિ હોવાથી જુદા જુદા સંપ્રદાયવાળાઓએ ઈશ્વરના જુદાજુદા રૂપોની કલ્પના કરી છે. ગોસ્વામી તુલસીદાસજીના શબ્દોમાં-

जा की रही भावना जैसी । प्रभु रति देखी तिन तैसी ॥

વૈષ્ણવ સંપ્રદાયે ઈશ્વરનું એક રૂપ કલ્પિત કર્યું એટલે શૈવસંપ્રદાયે બીજું રૂપ અને શાક્ત સંપ્રદાયે ત્રીજું રૂપ ઊભું કર્યું. ગીતા આ તમામ સંપ્રદાયોને માન્ય છે. વેદનું નામ લેનાર દ્વૈતવાદીઓ, અદ્વૈતવાદીઓ અને વિશિષ્ટ અદ્વૈતવાદીઓ બધા જ ગીતાને પ્રેમથી જુએ છે. આથી અહીં આપણે એ વિષય પર ચિંતન કરીશું કે

ગીતામાં પરમેશ્વરનું કેવું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે ? ગીતામાં ઇશ્વરને સાકાર માનવામાં આવ્યા છે કે નિરાકાર ? ગીતામાં કહ્યું છે-

कविम्पुराणमनुशासितारमणोरणीयांसमनुस्मरेद्यः ।
सर्वस्य धातारमचिन्त्यरूपमादित्यवर्णं तमसः परस्तात् ॥ (अ.८,श्लोक.९)

અર્થાત્ સર્વજ્ઞ, અનાદિ, સર્વનું શાસન કરનારા, સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ, સર્વાધાર, અચિન્ત્ય રૂપ (હોવા છતાં પણ જ્ઞાન દ્વારા) સૂર્યની જેમ પ્રકાશિત અને પ્રકાશસ્વરૂપ, અવિદ્યા અંધકારથી અત્યન્ત દૂર એવા પરમેશ્વરનું સ્મરણ કરવું.

આ શ્લોકમાં ઇશ્વરને ખૂબ જ સ્પષ્ટ રીતે નિરાકાર પ્રતિપાદિત કરતાં ત્રણ વિશેષણો છે-

(१) अणोरणीयांसम् - અર્થાત્ ઇશ્વર સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ (Subtler than the subtlest) છે.

(२) सर्वस्य धातारम् - અર્થાત્ ઇશ્વર સર્વને ધારણ કરનાર છે.

(३) अचिन्त्यरूपम् -- અર્થાત્ ઇશ્વર (દૃષ્ટિમાં તો શું) વિચારમાં પણ પૂર્ણ રીતે ન આવી શકે તેવા છે..

સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ તો નિરાકાર (Formless) જ હોઈ શકે છે. નિરાકાર જ બધાને ધારણ કરી શકે છે. જો કોઈ સાકાર ધારણકર્તા હોય તો તેને પોતાને ધારણ કરનાર પણ કોઈ અન્ય પદાર્થ અવશ્ય હોવો જોઈએ. સાકાર કદાપિ સર્વને ધારણ કરી શકે નહીં. ત્રીજું વિશેષણ છે 'અચિન્ત્યરૂપમ્'. એ પણ સ્પષ્ટ રૂપે નિરાકાર સ્વરૂપ તરફ સંકેત કરે છે, કારણ કે સાકારપદાર્થ તો ચિન્ત્ય પણ હોય છે અને દૃશ્યમાન પણ હોય છે. ગીતાના આ શ્લોકમાં ઇશ્વર માટે જે શબ્દો કહેવામાં આવ્યા છે એ વેદાદિ સત્યશાસ્ત્રોના જુદા જુદા પ્રકરણોમાંથી લેવામાં આવ્યા છે. **જેમકે-**

'कविम्' - યજુર્વેદ(૪૦-૮)માંથી.
'पुराणम्' - શ્વેતાશ્વતર ઉપનિષદ્(૩-૨૧)માંથી.
'अनुशासितारम्' -મનુસ્મૃતિ(૧૨-૧૨૨)માંથી.
'अणोरणीयांसम्' - શ્વેતાશ્વતર ઉપનિષદ્(૩-૩૦) માંથી.
'सर्वस्य धातारम्' - યજુર્વેદ(૧૩-૪)માંથી.
'अचिन्त्यरूपम्' - મુંડક ઉપનિષદ્(૩-૧-૭)માંથી.
'आदित्यवर्णं तमसः परस्तात्' - યજુર્વેદ(૩૧-૧૮)માંથી.

જે જે વેદમંત્રોમાંથી, ઉપનિષદ્ વચનોમાંથી અને સ્મૃતિ વગેરેના શ્લોકોમાંથી શબ્દો પસંદ કરી તેમને ગીતાના આ શ્લોકોમાં મૂકવામાં આવ્યા છે એ બધા જ મંત્રો તેમ જ શ્લોકોમાં પરમેશ્વરને નિરાકાર સ્વરૂપે જ વર્ણવવામાં આવ્યા છે. વિષયને સરળતાથી સમજવા માટે આપણે ઉપરના બધાંજ પ્રમાણોનો વિસ્તારથી અભ્યાસ કરીએ.

(૧) **कविम् ।** ગીતાએ ઈશ્વરનું આ વિશેષણ યજુર્વેદ (૪૦.૮)ના નીચેના મંત્રમાંથી લીધું છે.

स पर्यगाच्छुक्रमकायमव्रणमस्नाविरँ शुद्धमपापविद्धम् ।
कविर्मनीषी परिभूः स्वयम्भूर्याथातथ्यतोऽ र्थान् व्यदधाच्छाश्वतीभ्यः समाभ्यः ॥

ઈશોપનિષદમાં પણ આ જ મંત્ર આઠમા ક્રમે આવે છે. આ મંત્રનો શબ્દાર્થ આ પ્રમાણે છે.

(स:)તે પરમાત્મા (परि, अगात्) સર્વ તરફથી સર્વત્ર વ્યાપક, (शुक्रम्) અનંત વિદ્યાદિ બળયુક્ત તેમ જ શીઘ્રકારી, (अकायम्) સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ આ ત્રણેય પ્રકારના શરીરોના સંયોગથી રહિત, અજન્મા,. (अव्रणम्) છિદ્ર રહિત, (अस्नाविरम्) નસ અને નાડીઓના બંધનથી રહિત, (शुद्धम्) અવિદ્યાદિ દોષોથી હંમેશા પૃથક્, (अपापविद्धम्) પાપથી અત્યન્ત રહિત અને સ્વભાવથી જ ધર્માત્મા (कवि:) સર્વજ્ઞ, (मनीषी) સર્વેના મનનો સાક્ષી તથાં જ્ઞાતા

(परिभूः) બધાની ઉપર બિરાજમાન, (स्वयम्भूः) નિમિત્ત, ઉપાદાન અને સાધારણ એ ત્રણેય કારણોથી રહિત, સ્વસામર્થ્યથી હંમેશા વર્તમાન છે. તેણે સૃષ્ટિની આદિમાં (शाश्वतीभ्यः) સદા રહેનારી (समाभ्यः) પ્રજાને (याथातथ्यतः) યથાર્થ રીતે વેદોપદેશ વડે (अर्थान् व्यदधात्) સત્ય અર્થોનો ઉપદેશ કર્યો.

આ મંત્રમાં પરમેશ્વરને 'अकायम्' અર્થાત્ શરીર રહિત, નિરાકાર અને સર્વવ્યાપક જેવાં વિશેષણોથી યુક્ત કહેવામાં આવ્યા છે. ટૂંકમાં, આ વેદમંત્રમાં ઈશ્વર નિરાકાર છે એવું કહેવામાં આવ્યું છે. ગીતાના ઉપરના શ્લોકમાં આ વેદમંત્રનું પ્રમાણ સ્વીકારમાં આવ્યું છે, જેમાં ઈશ્વરને નિરાકાર કહેવામાં આવ્યા છે.

(૨) **पुराणम्** । ગીતાના શ્લોકમાં વપરાયેલ આ શબ્દ શ્વેતાશ્વતર ઉપનિષદ્(૩-૨૧)માંથી લેવામાં આવ્યો છે. મંત્ર આ મુજબ છે-

वेदाहमेतमजरं पुराणम् सर्वात्मानं सर्वगतं विभुत्वात् ।
जन्मनिरोधं प्रवदन्ति यस्य ब्रह्मवादिनो प्रवदन्ति नित्यम् ॥

અર્થ : હું આ અજર (કે જે કદી વૃદ્ધ કે શક્તિહીન થતા નથી), અનાદિ, સર્વસાક્ષી તેમજ સર્વવ્યાપક પરમેશ્વરને જાણું છું. બ્રહ્મવાદી લોકો એવું કહે છે કે આ પરમેશ્વરનો કદી જન્મ થતો નથી અને તે હંમેશાં એકરસ રહે છે.

આ મંત્રમાંથી 'पुराणम्' શબ્દ ગીતાએ પેલા શ્લોકમાં ગ્રહણ કર્યો છે. આમ ઉપનિષદ્દના આ મંત્રમાં પણ ઈશ્વરના નિરાકાર સ્વરૂપનું જ વર્ણન કરવામાં આવ્યું છે અને ખૂબ જ સ્પષ્ટ શબ્દોમાં કહેવામાં આવ્યું છે કે ઈશ્વર કદી જન્મ ધારણ કરતા નથી. તે હંમેશા નિરાકાર સ્વરૂપે જ રહે છે; સાકાર કદી થતા નથી.

(૩) **अनुशासितारम्** । ગીતાના શ્લોકમાં જોવા મળતા આ શબ્દનો આધાર મનુસ્મૃતિ (૧૨-૧૨૨) છે.

प्रशासितारं सर्वेषां अणीयांसमणोरपि ।
रूक्माभंस्त्रपनधी गम्यं विद्यात्तं पुरूषं परम् ॥

અર્થ : જે સર્વને જ્ઞાન આપનાર, સર્વની ઉપર શાસન કરનાર, સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ, સ્વપ્રકાશસ્વરૂપ પરમપુરૂષ છે, તે સમાધિસ્થ બુદ્ધિ દ્વારા જાણવા યોગ્ય છે.

મનુસ્મૃતિના આ શ્લોકમાં પણ ઇશ્વરનું નિરાકારત્વ જ પ્રગટ કરવામાં આવ્યું છે.

(૪) **अणोरणीयांसम् ।** ગીતાએ આ શબ્દ શ્વેતાશ્વતર ઉપનિષદ્ (૩-૩૦) માંથી પસંદ કર્યો છે. ઉપનિષદ્નો મંત્ર છે-

अणोरणीयान् महतो महीयान्, आत्मागुहायां निहितोऽस्यजन्तोः ।
तमक्रतुं पश्यति वीतशोको, धातुः प्रसादान्महिमानमीशम् ॥

અર્થ : સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ અને મહાનથી પણ મહાન એવા પરમાત્મા પ્રાણીઓની હૃદયગુહામાં વિદ્યમાન છે.

ઉપનિષદ્ના આ વાક્યમાં પણ પરમેશ્વરને નિરાકાર જ માની કહેવામાં આવ્યું છે કે પરમાત્મા બધાના હૃદયમાં બિરાજમાન છે.

(૫) **सर्वस्य धातारम् ।** ગીતાએ આ શબ્દ યજુર્વેદ(૧૩-૧૪)માંથી લીધો છે. વેદમંત્ર આ પ્રમાણે છે-

हिरण्यगर्भः समवर्तताग्रे भूतस्य जातः पतिरेक आसीत् ।
स दाधार पृथिवीं द्यामुतेमां कस्मै देवाय हविषा विधेम ॥

અર્થ : જે સર્વ સૂર્યાદિ તેજસ્વી પદાર્થોનો આધાર છે, જે આ જગત બન્યું છે અને બનશે તેનો એક અદ્વિતીય સ્વામી છે, જે આ જગતની રચના પૂર્વે વિદ્યમાન હતો અને જેણે પૃથ્વીથી લઈ સૂર્ય પર્યન્ત સમગ્ર જગતને ઉત્પન્ન કરી ધારણ કર્યું છે તે સુખસ્વરૂપ

પરમેશ્વરની આપણે પ્રેમપૂર્વક ભક્તિ કરીએ.

આ મંત્રમાં આવતા 'स दाधार पृथ्वींद्यामुतेमाम्'માંથી ગીતાએ 'सर्वस्य धातारम्'ની રચના કરી છે. આ વેદમંત્રમાં પણ ઇશ્વરને નિરાકાર જ બતાવાવમાં આવ્યા છે.

(૬) **अचिन्त्यरूपम् ।** ગીતાએ આ શબ્દ મુંડક ઉપનિષદ્ (૩-૧-૭)માંથી ગ્રહણ કર્યો છે. ઉપનિષદ્ કહે છે-

बृहच्च तत् दिव्यम् अचिन्त्यरूपम् सूक्ष्माच्च सूक्ष्मतरं विभाति ।
दूरात्सुदूरे तदिहान्तके च पश्यत् स्विहैव निहितं गुहायाम् ॥

અર્થ : ઇશ્વર બૃહત્ છે, મહાન છે, દિવ્ય છે, અદ્‌ભુત છે અને અચિન્ત્યરૂપ છે અર્થાત્ તેનાં રૂપનું ચિંતન કે ધ્યાન થઈ શકતું નથી. તેનું રૂપ 'અરૂપ'-Formless હોવાથી તેના ગુણોનું જ ચિંતન થઈ શકે છે. તે સૂક્ષ્મથી પણ સૂક્ષ્મતર છે અને જ્ઞાનથી પ્રકાશયુક્ત છે. તે અત્યન્ત દૂરથી પણ દૂર સુધી વિદ્યમાન છે અને તે અહીં જ - નજીકથી પણ નજીક છે. જ્ઞાન દ્વારા દર્શન કરનાર માટે ઇશ્વર અહીં જ હૃદયગુહામાં બિરાજમાન છે.

ઉપનિષદ્‌ના આ વચનમાંથી ગીતાના શ્લોકમાં 'अचिन्त्यरूपम्' શબ્દ લેવામાં આવ્યો છે. આ ઉપનિષદ્ મંત્ર પણ નિરાકાર સ્વરૂપનું જ પ્રતિપાદન કરે છે.

(૭) **आदित्यवर्णं तमसः परस्तात्** ગીતાએ આ શબ્દો યજુર્વેદ (૩૧-૧૮)માંથી લીધા છે-

वेदाहमेतं पुरुषं महान्तम्, आदित्यवर्णं तमसः परस्तात् ।
तमेव विदित्वाऽति मृत्युमेति, नान्यः पन्था विद्यतेऽयनाय ॥

અર્થ : હું એ મહાન પરમપુરૂષ પરમાત્મા દેવને જાણું છું, જે આદિત્યની જેમ જ્ઞાનસ્વરૂપે પ્રકાશમાન છે, જે અજ્ઞાનરૂપી અંધકારથી

અત્યન્ત દૂર છે. જેવી રીતે સૂર્યને આંખોથી જોઈ લીધા પછી તેના વિશે કંઈ સંદેહ રહેતો નથી તેવી જ રીતે આ પરમાત્માને જાણીને જ જીવાત્મા મૃત્યુને પાર કરી શકે છે અર્થાત્ મુક્તિ મેળવી શકે છે. પરમાત્માને બુદ્ધિ અને જ્ઞાનથી જ જાણી શકાય છે. આ સિવાય જો તેને કોઈ નેત્રાદિ ઈન્દ્રિયોથી જોઈ મુક્તિ પ્રાપ્ત કરવા ઈચ્છે તો એ અસંભવ છે.

આમ આ મંત્ર કે જેમાંથી ગીતાએ **'आदित्यवर्णं तमसः परस्तात्'** આ શબ્દો ગ્રહણ કર્યા છે તેમાં પણ ઈશ્વરને સ્પષ્ટ રૂપે નિરાકાર જ વર્ણિત કરવામાં આવ્યા છે. તાત્પર્ય એ છે કે ગીતાના આ શ્લોકમાં જે સાત પ્રમાણો છે એ બધાં જ પ્રમાણો ઈશ્વરને નિરાકાર બતાવે છે. શ્રીકૃષ્ણજી એક મહાન્ વિદ્વાન્ હતા. તેમણે વેદાદિ સર્વશાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો. આથી તેમના મુખમાંથી પ્રસૂત થતી વાણીમાં વેદ અને શાસ્ત્રોનાં વચનો જાણે કે નાચતાં હતાં. મહર્ષિ દ્વૈપાયન વેદવ્યાસજી મહારાજ કે જેમણે કૃષ્ણનાં આ વચનોને શ્લોકબદ્ધ કર્યાં છે એ પણ આવા જ સર્વ શાસ્ત્રોના જ્ઞાતા હતા.

ઉપરનાં બધાં જ પ્રમાણો ખૂબ જ સ્પષ્ટ રીતે એકી અવાજે ઘોષણા કરે છે કે ઈશ્વર નિરાકાર જ છે. ગીતાકારે નિરાકાર ઈશ્વરના પક્ષમાં ફક્ત પોતાનો મત જ વ્યક્ત કર્યો છે એવું નથી; ઊલટું તેમણે તો વેદાદિ સત્યશાસ્ત્રોનાં અનેક અકાટ્ય પ્રમાણો પ્રસ્તુત કરી ઈશ્વરના નિરાકારત્વનું ખૂબ જ દઢતા પૂર્વક પ્રતિપાદન પણ કર્યું છે. જેમ કે-

ज्ञेयं यत्तत्प्रवक्ष्यामि यज्ज्ञात्वामृतमश्नुते ।
अनादिमत्परं ब्रह्म न सत्तन्नासदुच्यते ।। (गीता, १३-१२)

અર્થ : જે જ્ઞેય-જાણવા યોગ્ય છે અને જેને જાણી મનુષ્ય મોક્ષ પામે છે, તે તને કહું છું. જે અનાદિ પરબ્રહ્મ છે તેને નથી 'સત્' કહી શકાતું કે નથી 'અસત્' કહી શકાતું.

આ શ્લોકમાં પણ ગીતાકાર કહે છે કે પરમાત્મા 'જાણવા

યોગ્ય' છે, જોવાયોગ્ય નથી. God can be realized; He can never be seen. જે સાકાર છે તેને સ્પષ્ટ રીતે જોઈ શકાય છે, પરંતુ નિરાકારને તો ફક્ત જાણી જ શકાય છે. ઘણી વખત વ્યવહારની ભાષામાં બુદ્ધિ દ્વારા જાણવાને પણ 'જોવું' કહેવામાં આવે છે. પરંતુ અહીં તો આ શ્લોકમાં પરમાત્માને 'જાણવાયોગ્ય' કહી સ્પષ્ટ રીતે ઈશ્વર નિરાકાર છે તેવી સાક્ષી આપવામાં આવી છે. આગળ આ વિષયને સ્પષ્ટ કરતા એમ પણ કહ્યું છે કે આ પરમાત્માને જાણીને જ (જોઈને નહિ) મોક્ષ પ્રાપ્ત કરી શકાય છે. ફરી કહ્યું છે કે આ બ્રહ્મને 'સત્' પણ નથી કહી શકાતું કે નથી 'અસત્' કહી શકાતું. આવું કહેવાની પાછળ તાત્પર્ય એ છે કે ઈશ્વર આંખો વડે જોઈ શકાતો નહિ હોવાથી એ 'સત્' છે એવું પણ કહી શકાતું નથી; અને બુદ્ધિથી, જ્ઞાનથી ઈશ્વરને જાણી શકાય છે માટે તે 'અસત્' છે એવું પણ કહી શકાય નહીં. આગળના બીજા બે શ્લોકોમાં ઈશ્વરના સ્વરૂપ વિશે વધુ પ્રકાશ ફેંકવામાં આવ્યો છે. જેમ કે-

सर्वतः पाणिपादं तत्सर्वतोऽक्षिशिरोमुखम् ।
सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ॥ (गीता, १३-१३)

અર્થ : બ્રહ્મને સર્વ તરફ હાથપગ છે, સર્વ તરફ નેત્રો, મસ્તક અને મુખ છે, સર્વ તરફ કાન છે અને સંસારમાં સર્વને વ્યાપીને તે રહેલો છે.

આ જ શ્લોક શ્વેતાશ્વતર ઉપનિષદ્ (૨-૨૬)માં પણ આવે છે.

ગીતા અને શ્વેતાશ્વતર ઉપનિષદ્ - આ બંને ગ્રન્થોમાં આ વાત નીચેના વેદમંત્ર (યજુર્વેદ ૧૭-૧૯)ના આધારે લખવામાં આવી છે-

विश्वतश्चक्षुरुत विश्वतो मुखो विश्वतो बाहुरुत विश्वतस्मात् ।
सम बाहुभ्याँ धमति संपतत्रैर्द्यावाभूमि जनयन्देव एकः ॥

અર્થાત્ એક ઈશ્વર સર્વ તરફ આંખો અને સર્વ તરફ મુખવાળો છે. તે સર્વતરફ હાથપગ ધરાવે છે વગેરે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે ગીતા, ઉપનિષદ્ અને વેદનાં આ વાક્યોમાં ઈશ્વરને સાવયવ અર્થાત્ શરીરધારી અંગ-પ્રત્યંગો સહિત સાકાર કહેવામાં આવ્યો છે, કારણ કે સાકારને આંખ, કાન, મુખ, હાથ, પગ વગેરે હોઈ શકે છે. નિરાકારને મુખ આદિ અવયવો ક્યાંથી હોઈ શકે ?

આનું સમાધાન એ છે કે વેદમંત્રો તેમ જ ગીતા અને ઉપનિષદ્નાં વાક્યોમાં મુખાદિ બધાં અવયવોની સાથે ક્રમશઃ 'વિશ્વતઃ' અને 'સર્વતઃ' શબ્દો રહેલા છે; જેનો અર્થ થાય છે સર્વ તરફ અથવા સર્વ તરફથી - સર્વત્ર. માટે કોઈ પણ સાકારના હજારો, લાખો, કરોડો, અબજો કે અસંખ્ય મુખાદિ અવયવો હોવા છતાં પણ બધાં અવયવો સર્વ તરફથી અને સર્વત્ર હોઈ શકે નહીં. થોડોક વિચાર કરવાથી આ વાત સાફ સમજી શકાય તેવી છે કે જે તરફ મુખ છે તે તરફ અથવા તો ત્યાં જ પગ હોઈ શકતા નથી અને જે તરફ અથવા જ્યાં પગ છે તે તરફ અથવા ત્યાં જ આંખ, કાન અને હાથ વગેરે અન્ય અવયવો હોઈ શકતાં નથી. આથી સિદ્ધ થાય છે કે અહીં સાકાર ઈશ્વરના શરીરના અવયવોનું વર્ણન કરવામાં આવ્યું નથી, પરંતુ સર્વવ્યાપકતાને લીધે ઈશ્વરમાં સર્વત્ર જોવા-સાંભળવા આદિની જે શક્તિઓ છે, તેનું જ વર્ણન કરવામાં આવ્યું છે. આ જ વાત શ્વેતાશ્વતર ઉપનિષદ્ (૩-૧૯)માં કહેવામાં આવી છે. જેમ કે-

> अपाणिपादो जवनोगृहीता, पश्यत्यचक्षुः स श्रृणोत्यकर्णः ।
> स वेत्ति विश्वं न च तस्यास्ति वेत्ता, तमाहुरग्रं पुरुषं पुराणम् ॥

અર્થ : પરમાત્માને હાથ નથી, પરંતુ પોતાના શક્તિરૂપ હાથથી તે બધી રચના અને બધું ગ્રહણ કરે છે. પરમાત્માને પગ નથી, પરંતુ સર્વવ્યાપક હોવાથી તે સૌથી વધારે વેગવાન છે.

પરમાત્માને આંખની ઈન્દ્રિય નથી, પરંતુ તે બધાને બરાબર જુએ છે. તેને કાન નથી, પરંતુ તે બધાની વાતો સાંભળે છે. પરમાત્માને અંત:કરણ નથી, પણ તે આખા જગતને જાણે છે. એ અનંત પરમાત્માને પૂર્ણ રીતે કોઈ જાણી શકતું નથી. પરમાત્મા અનાદિ, સર્વ પદાર્થોમાં શ્રેષ્ઠ અને સર્વ પ્રકારે પૂર્ણ હોવાથી 'પુરૂષ' કહેવાય છે. તે ઈન્દ્રિયો અને અંત:કરણ વગર જ સ્વસામર્થ્યથી પોતાનાં સર્વ કાર્યો સિદ્ધ કરે છે.

આ જ ઉપનિષદ્ વાક્યના અર્થને લઈ ગોસ્વામી તુલસીદાસજીએ ચોપાઈઓની રચના કરી હોવી જોઈએ.

बिनु पग चले सुने बिन काना । बिन कर कर्म करै विधि नाना ॥
तन बिन स्पर्श नयन बिन देखा । गृहै घ्राण बिन वास अशेखा ॥

(બાલકાંડ)

અર્થ : ઈશ્વર પગ વગર પણ ચાલે છે, કાન વગર સાંભળે છે, હાથ વગર વિવિધ કાર્યો કરે છે, શરીર વગર સ્પર્શ કરે છે, આંખો વગર જુએ છે અને નાક વગર સૂંઘે છે.

आनन रहित सकल रस भोगी । बिन वाणी वक्ता बड योगी ॥
विधि अस भान्ति अलौकिक करणी । महिमा जासु जाय नहीं वरणी ॥

(બાલકાંડ)

અર્થ : ઈશ્વર મુખ વગર જ વિવિધ રસોને જાણે છે; એ વાણી વગર મહાન ઉપદેશ કરનાર મહાન યોગી છે. વિધાતાની કરણી આ રીતે અલૌકિક છે. તેની મહિમાનું પૂર્ણ રીતે વર્ણન કરવું અશક્ય છે.

આ જ ભાવને પુષ્ટ કરવા તેમ જ ઈશ્વરના સાકાર શરીર તથા તેના સાકાર અવયવોના વિષયમાં ઊભી થતી ભ્રાંતિઓને દૂર કરવા માટે ગીતામાં આગળ કહેવામાં આવ્યું છે-

सर्वेन्द्रियगुणाभासं सर्वेन्द्रियविवर्जितम् ।
असक्तं सर्वभृच्चैव निर्गुणं गुणभोक्तृ च ।। (ગીતા ૧૩-૧૪)

सर्वेन्द्रियगुणाभासं सर्वेन्द्रियविवर्जितम् ।
सर्वस्य प्रभुमीशानं सर्वस्य शरणं बृहत् ।।

(શ્વેતાશ્વતર ઉપનિષદ્ ૩-૧૭)

અર્થ : પરમાત્મામાં સર્વ ઈન્દ્રિયોના ગુણો ભાસે છે, પરંતુ વાસ્તવમાં પરમેશ્વર સર્વ ઈન્દ્રિયોથી રહિત છે. પરમેશ્વરને મુખ, કાન, હાથ, અને પગ જેવાં અવયવો નથી.

કહેવાનો અભિપ્રાય એ છે કે પરમાત્માને મુખાદિ ઈન્દ્રિયોની કંઈ જ જરૂર નથી અને ક્યારેક જરૂર પડતી જ નથી. આ સર્વ કાર્યો કરવા માટે એ નિરાકારની નિરાકાર શક્તિઓ હંમેશાં સર્વત્ર વિદ્યમાન રહે છે. પરમાત્મા પોતાના નિત્ય નિરાકાર સ્વરૂપમાં જ સૃષ્ટિરચના વગેરે સર્વ કાર્યો કરે છે. તેની સર્વ શક્તિઓ સર્વત્ર વ્યાપક અને નિત્ય છે. આ વિષે ગીતા વધુમાં કહે છે-

बहिरन्तश्च भूतानामचरं चरमेव च ।
सूक्ष्मत्वात्तदविज्ञेयं दूरस्थं चान्तिके च तत् ।। (ગીતા ૧૩-૧૫)

અર્થ : પરમેશ્વર સર્વ પ્રાણીઓની બહાર અને અંદર સર્વત્ર વ્યાપક છે. તે સ્વયં ગતિ રહિત છે. પણ બધાને ગતિ આપે છે. સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ હોવાથી તે 'અવિજ્ઞેય'- ઈન્દ્રિયો દ્વારા જાણવાને અશક્ય છે. તે દૂર રહેલ છે અને પાસે પણ છે.

આ શ્લોકમાં 'बहिरन्तश्च भूतानाम्, सूक्ष्मत्वात्तद् अविज्ञेयम्' અને 'दूरस्थं चान्तिके च तत्' આ ત્રણ વાક્યો પર વિશેષ ધ્યાન દેવું જોઈએ. પરમેશ્વર સર્વ પ્રાણીઓની બહાર પણ છે અને અંદર પણ છે. તે સૂક્ષ્મ હોવાથી અવિજ્ઞેય છે અને તે દૂર પણ છે અને નિકટ પણ છે. આ ત્રણેય વાક્યો પરમાત્માના નિરાકાર સ્વરૂપની વિશેષ વ્યાખ્યા

કરે છે. ગીતાનો આ શ્લોક વેદના નીચેના મંત્રના આધારે રચવામાં આવ્યો છે-

तदेजति तन्नैजति तद् दूरे तद्वन्तिके ।
तदन्तरस्य सर्वस्य तदु सर्वस्यास्य बाह्यतः ।। (યજુર્વેદ ૪૦-૫)

અર્થ : ઈશ્વર સ્વયં ગતિરહિત છે, પણ તે સર્વને ગતિ પ્રદાન કરે છે. તે દૂર પણ છે અને નજીક પણ છે. તે સર્વની અંદર પણ વ્યાપક છે અને બહાર પણ વ્યાપક છે.

ગીતા કહે છે-

अविभक्तं च भूतेषु विभक्तमिव च स्थितम् ।
भूतभर्तृ च तज्ज्ञेयं ग्रसिष्णु प्रभविष्णु च ।। (ગીતા ૧૩-૧૬)

અર્થ : પરમેશ્વર વિભાગ નહિ પામેલ છતાં સર્વ ભૂતોમાં વિભાગ પામેલાની પેઠે સ્થિત છે. તે સર્વ પ્રાણીઓનો ધારક તથા પોષણ કરનાર, નાશ કરનાર અને ઉત્પન્ન કરનાર છે.

આ શ્લોકમાં પણ પરમાત્માને સર્વવ્યાપક અખંડ જ બતાવવામાં આવ્યા છે. સર્વ વ્યાપક હંમેશાં નિરાકાર જ હોઈ શકે છે. સાકાર કદી સર્વવ્યાપક હોઈ શકે નહીં ! ગીતા ફરી કહે છે -

ज्योतिषामपि तज्ज्योतिस्तमसः परमुच्यते ।
ज्ञानं ज्ञेयं ज्ञानगम्यं हृदि सर्वस्य विष्ठितम् ।। (ગીતા ૧૩-૧૭)

અર્થ : આ પરમતત્ત્વ જ્યોતિઓની પણ જ્યોતિ છે. અજ્ઞાનરૂપ અંધકારથી પર છે; તે જ્ઞાનસ્વરૂપ છે; તે જ જાણવા યોગ્ય છે. તેને જ્ઞાન દ્વારા જાણી શકાય છે. તે સર્વ પ્રાણીઓના હૃદયમાં વિશેષરૂપે વિદ્યમાન છે.

આ શ્લોકમાં ઈશ્વરને જ્યોતિઓની જ્યોતિ, પ્રકાશના પ્રકાશક અને પ્રકાશપુંજ કહ્યા છે. ઈશ્વર 'ज्ञानं ज्ञेयं ज्ञानगम्यम्' અર્થાત્ તે જ્ઞાન

સ્વરૂપ છે માટે 'જ્ઞેય' છે; જાણવા યોગ્ય છે. તે આંખ જેવી ઈન્દ્રિયોથી જોવાની વસ્તુ નથી. ઈશ્વર 'જ્ઞાનગમ્ય' છે; બુદ્ધિ અને જ્ઞાનથી તેને ગ્રહણ અને પ્રાપ્ત કરી શકાય છે. તે ઈન્દ્રિયોનો વિષય નહિ હોવાથી ઈન્દ્રિયોથી પ્રાપ્ત થઈ શકતો નથી.

જે સજ્જનો ઈશ્વરને સાકાર માને છે અને મૂર્તિપૂજાને ઈશ્વર પ્રાપ્તિનું સાધન સમજે છે તેઓએ અહીં વિશેષ ધ્યાનથી જોવું જોઈએ કે શ્રીકૃષ્ણચંદ્રજી મહારાજ તો ઈશ્વરને જ્ઞાનસ્વરૂપ અને જ્ઞાનગમ્ય બતાવતા કહે છે કે તે આંખ જેવી ઈન્દ્રિયોનો વિષય નથી; એ તો કેવળ જ્ઞાનનો વિષય છે. કઠ ઉપનિષદ્ (૧-૩-૧૫)માં પણ કહ્યું છે-

अशब्दमस्पर्शमरूपमव्ययं तथा रसं नित्यमगन्धवच्च यत् ।
अनाद्यनन्तं महतः परम् ध्रुवम्, निचाय्य तं मृत्युमुखात् प्रमुच्यते ॥

અર્થ : પરબ્રહ્મ પરમેશ્વર શબ્દરહિત, સ્પર્શરહિત, રૂપરહિત, નાશરહિત, રસરહિત, ગંધરહિત છે. તે અનાદિ, અનંત છે. જે કંઈ મહાન છે તેનાથી પણ તે મહાન છે. તેને જાણીને મનુષ્ય મૃત્યુના મુખમાંથી છુટી જાય છે.

કાનથી શબ્દ અને આકાશ, ત્વચાથી સ્પર્શ અને વાયુ, આંખથી રૂપ અને અગ્નિ તેમ જ જીભથી રસ અને જલને ગ્રહણ કરી શકાય છે; પરંતુ આ ઈન્દ્રિયો દ્વારા પરમાત્માનું ન તો જ્ઞાન થઈ શકે છે કે ન તો તેને ગ્રહણ કરી શકાય છે. કારણ કે ઈશ્વરમાં શબ્દ, રૂપ, રસ, ગંધ, આકાશ, વાયુ, અગ્નિ, જલ અને પૃથ્વિ વગેરેના ગુણો જ નથી. ઈશ્વર આંખ, કાન, ત્વચા, જીભ તેમજ નાસિકાનો વિષય જ નથી. ઈશ્વર એક પણ ઈન્દ્રિયનો વિષય નથી. ઈશ્વર નથી તો કોઈ તત્વો (Elements)નો બનેલો કે નથી તે કોઈ તત્વોનો ગુણ. આથી ઈન્દ્રિયો દ્વારા ઈશ્વરને ગ્રહણ કરવાની વાત તદ્દન અસંભવ છે. આથી જ શ્રીકૃષ્ણ મહારાજે ઈશ્વરને 'જ્ઞાનગમ્ય'-બુદ્ધિ દ્વારા ગ્રહણ કરવા યોગ્ય જ બતાવ્યો છે. આવી જ રીતે ઉપનિષદ્‌માં પણ કહ્યું છે-

दृश्यते त्वग्रया बुद्धया सूक्ष्मया सूक्ष्मदर्शिभिः ।

(કઠ ઉપનિષદ્ ૧-૩-૧૨)

અર્થાત્ એ પરમાત્મા સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ અગોચર હોવાથી જ્ઞાનીઓ અગ્રગામી સૂક્ષ્મ બુદ્ધિ દ્વારા જ તેનો સાક્ષાત્કાર કરી શકે છે. આંખો દ્વારા તેનાં સ્વરૂપને જોવું એ શક્ય જ નથી, કારણ કે તે આંખનો વિષય જ નથી. વેદમાં પણ કહ્યું છે-

तस्य योनिं परि पश्यन्ति धीराः । (યજુર્વેદ ૩૧-૧૯)

અર્થાત્ ઈશ્વરનો સાક્ષાત્કાર તો ધીર પુરૂષ અર્થાત્ બુદ્ધિમાન જ કરી શકે છે, નિર્બુદ્ધિ નહીં; કારણ કે પરમેશ્વર આકાર રહિત છે. ગુણો દ્વારા જ ગુણીને બુદ્ધિની મદદથી જાણી શકાય એ જ એનાં 'દર્શન' છે. સાકારનાં દર્શન તો બધા જ કરી શકે છે, ચાહે તે બુદ્ધિમાન હોય કે નિર્બુદ્ધિ. અરે ! ગધેડા, ગાય, ઘોડા, બળદ, ભેંસ, કાગડા અને કબૂતર એ બધા પણ સાકારનાં દર્શન કરી શકે છે ! તો પછી વેદમાં એવું ન કહ્યું હોત કે ઈશ્વરનાં દર્શન તો બુદ્ધિ દ્વારા જ થઈ શકે છે; બુદ્ધિમાન જ તેનાં દર્શન કરી શકે છે એવી ઘોષણા ઉપનિષદોએ ન કરી હોત. ગીતાએ પણ ન કહ્યું હોત કે ઈશ્વર 'જ્ઞાનગમ્ય' છે.

આથી ફલિત થાય છે કે ગીતામાં વેદાદિ સત્ય શાસ્ત્રો પ્રમાણે પરમાત્માને નિરાકાર જ પ્રતિપાદિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ગીતામાં એક અન્ય સ્થાને (૧૮-૬૧)પણ આવું જ વર્ણન કરવામાં આવ્યું છે. જેમ કે-

ईश्वरः सर्व भूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।
भ्रामयन्सर्वभूतानि यन्त्रारूढानि मायया ॥

અર્થ : શ્રીકૃષ્ણજી કહે છે કે હે અર્જુન ! (સંસારૂપ) યંત્ર પર ચઢેલાં સર્વ પ્રાણીઓને માયા વડે ભમાવતો ઈશ્વર સર્વ પ્રાણીઓના

હૃદયપ્રદેશમાં રહે છે.

અહીં પણ ઈશ્વરને સર્વવ્યાપક અને નિરાકાર જ બતાવવામાં આવ્યા છે. શ્રીકૃષ્ણ આગળ જણાવતાં કહે છે-

तमेव शरणं गच्छ सर्वभावेन भारत ।
तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यति शाश्वतम् ॥ (ગીતા, ૧૮-૬૨)

અર્થ : હે અર્જુન ! તું સર્વ ભાવથી તે પરમાત્માને શરણે જા; તેની કૃપાથી તું પરમ શાંતિ અને મોક્ષપદ પામીશ.

(ગીતાના આ શ્લોકમાં શ્રીકૃષ્ણે ઈશ્વર માટે ત્રીજા પુરૂષ એક વચનનો પ્રયોગ કરી પોતાનાથી ભિન્ન એવા ઈશ્વરનું શરણ લેવાનો ઉપદેશ અર્જુનને કર્યો છે, એપણ નોંધપાત્ર છે. - અનુ.)

❑

ઈશ્વરનું નામ

ગીતામાં પરમેશ્વરનું નામ પણ એ જ બતાવવામાં આવ્યું છે કે સત્યશાસ્ત્રોમાં બતાવવામાં આવેલું છે. જેમ કે-

ओम् खं ब्रह्म......(यजुर्वेद ४०-१७)
ओम् क्रतो स्मर......(यजुर्वेद ४०-१५)

અર્થાત્ આકાશની પેઠે વ્યાપક એવા બ્રહ્મનું નામ 'ઓમ્' છે. ! યજ્ઞ સ્વરૂપ કર્તવ્યપરાયણ મનુષ્ય ! તું પરમાત્માનું 'ઓમ્' સ્મરણ કર.

આ વિશે કઠોપનિષદ્ (૨-૨-૧૫)માં પણ કહ્યું છે-

सर्वे वेदाः यत्पदमामनन्ति तपांसि सर्वाणि च यद्वदन्ति ।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति तत्ते पदं संग्रहेण ब्रवीम्योमित्येतत् ॥

અર્થાત્ સર્વ વેદ જે પદનું વારંવાર વર્ણન કરે છે; ધર્માનુષ્ઠાનરૂપ રણ જેની પ્રાપ્તિને માટે કરવામાં આવે છે અને જેની પ્રાપ્તિ બ્રહ્મચર્યના વ્રતનું પાલન કરવામાં આવે છે તે પ્રાપ્ત કરવા પરમાત્માનું નામ 'ઓમ્' છે.

આમ ઉપનિષદ્ના ઋષિઓએ પણ 'ઓમ્' નામનો મહિમા છે. ગીતાએ ઉપનિષદ્ની આ જ વાત થોડાક શબ્દોના ભેદ કહી છે. જેમ કે-

यदक्षरं वेदविदो वदन्ति विशन्ति यद्यतयो वीतरागाः ।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति तत्ते पदं संग्रहेण प्रवक्ष्ये ॥

(ગીતા ૮-૧૧)

અર્થ : વેદવેત્તાઓ જેને અક્ષર-અવિનાશી કહે છે, રાગ રહિત ઓ જેમાં પ્રવેશ કરે છે અને જેને ઇચ્છનારા બ્રહ્મચર્ય પાળે છે, તે હું તને ટૂંકમાં કહું છું.

ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन् ।
यः प्रयाति त्यजन्देहं स याति परमां गतिम् ॥

(ગીતા ૮-૧૩)

અર્થ : 'ઓમ્' એ એક અવિનાશી બ્રહ્મના નામનો જપ કરતો અને પછી પોતાનું - સ્વયંના આત્માનું સ્મરણ કરતો જે દેહ ત્યજી મરણ પામે છે, તે પરમ ગતિ પામે છે.

આમ અહીં પ્રથમ શ્લોકમાં 'ઓમ્' નામનો ખૂબ જ મહિમા ગાયો છે, જ્યારે બીજા શ્લોકમાં સ્પષ્ટ રૂપે પરમેશ્વરનું નામ 'ઓમ્' બતાવી તેનો જપ કરવાથી પ્રાપ્ત થતું ફળ બતાવવામાં આવ્યું છે. શ્રીકૃષ્ણ મહારાજે અહીં શ્રીરામ કે શ્રીકૃષ્ણ વગેરે શરીરધારીઓનાં નામનો જપ કરવાની વાત કરી નથી; તેમણે તો જે નિર્વિવાદ બ્રહ્મ શુદ્ધ નિરાકાર જ છે તેનાં પવિત્ર નામ 'ઓમ્'નો જપ કરવાનું વિધાન કર્યું છે.

અહીં ઘણાને પ્રશ્ન થાય કે આ શ્લોકમાં તો 'મામનુસ્મર' કહી શ્રીકૃષ્ણે અર્જુનને પોતાના (કૃષ્ણના) નામનું સ્મરણ કરવાનો આદેશ આપ્યો છે. આ શંકાનું સ્પષ્ટ સમાધાન એ છે કે શ્રીકૃષ્ણજીએ પોતાની જાતને ઈશ્વર માની ને નહિ, પરંતુ એક મનુષ્ય માનીને આ 'મામનુસ્મર' વાક્ય કહ્યું છે. આનો અર્થ એ છે કે 'ઓમ્' નો જપ કરી બાદમાં સ્વયંનું (પોતાની જાતનું) સ્મરણ કરવું. જો શ્રીકૃષ્ણજી સ્વયં પરમેશ્વર જ હોત તો તેમણે ફક્ત એટલું જ કહ્યું હોત કે "મારા 'ઓમ્' નામનું સ્મરણ કર." જો શ્રીકૃષ્ણજી સ્વયં જ 'ઓમ્' હોત, તો તેમના નામનું સ્મરણ તો 'ઓમ્'ના સ્મરણમાં જ આવી જાત. હવે પાછળ તો કંઈ જ ન રહ્યું ! 'મામનુસ્મર' -આવું કહેવાની જરૂર જ ન રહેત ! માટે સ્પષ્ટ છે કે શ્રીકૃષ્ણજી પોતાને અક્ષર અવિનાશી બ્રહ્મથી ભિન્ન માનતા હતા. અહીં પણ તેમણે પોતાની જાતને બ્રહ્મથી ભિન્ન જ વર્ણવી છે. માટે ગીતાના આ શ્લોકમાં

'ઓમ્' શબ્દ પરમાત્મા માટે વપરાયો છે; શ્રીકૃષ્ણજી માટે નહીં. 'મામ્આત્માનમ્' -અર્થાત્ ઓમ્ નો જપ કરી સાધકે પોતાનું સ્વયંના આત્માનું સ્મરણ કરવું કે 'ઓમ્' એ ઈશ્વર છે, હું તેનો ભક્ત છું. ઈશ્વર ઉપાસ્ય છે, હું તેનો ઉપાસક છું. તે રાજા છે. હું તેની પ્રજા છું. તે ગુરુ છે, હું તેનો શિષ્ય છું. તે પિતા છે, હું તેનો પુત્ર છું. તે સ્વામી છે, હું તેનો સેવક છું વગેરે. આ રીતે આત્મચિંતન કરવું. તાત્પર્ય એ છે કે ગીતામાં પરમેશ્વરના વૈદિક નામ 'ઓમ્' નો જપ કરવાનો આદેશ અને ઉપદેશ કરવામાં આવ્યો છે. ગીતામાં 'ઓમ્' નામની ખૂબ જ સ્તુતિ કરી તેના જપનું મહાન સર્વોત્તમ ફળ ઈશ્વર પ્રાપ્તિ અર્થાત્ મોક્ષપ્રાપ્તિ બતાવવામાં આવ્યું છે.

❑

ઈશ્વર પ્રાપ્તિનો વિધિ

શ્રીકૃષ્ણજી કહે છે-

सिद्धिं प्राप्तो यथा ब्रह्म तथाप्नोति निबोध मे ।
समासेनैव कौन्तेय निष्ठा ज्ञानस्य या परा ॥
बुद्धया विशुद्धया युक्तो धृत्यात्मानं नियम्य च ।
शब्दादीन्विषयांस्त्यक्त्वा रागद्वेषौ व्युदस्य च ॥
विविक्तसेवी लध्वाशी यतवाक्कायमानसः ।
ध्यानयोगपरो नित्यं वैराग्यं समुपाश्रितः ॥
अहंकारं बलं दर्पं कामं क्रोधं परिग्रहम् ।
विमुच्य निर्ममः शान्तो ब्रह्मभूयाय कल्पते ॥

(ગીતા, ૧૮-૫૦ થી ૫૩)

અર્થ : હે કૌંતેય ! અંતઃકરણની શુદ્ધિરૂપી સિદ્ધિ પામેલો મનુષ્ય બ્રહ્મને જે રીતે પામે છે - જાણે છે અને જે તત્ત્વજ્ઞાનની પરાકાષ્ઠા છે તેને પણ તું મારી પાસેથી ટૂંકમાં સાંભળ.

તેવો વિશુદ્ધ બુદ્ધિવાળો યોગી દૃઢતા પૂર્વક પોતાના મનનું નિયમન કરી, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, અને ગંધ વગેરે વિષયોની આસક્તિનો ત્યાગ કરીને રાગદ્વેષને છોડી દઈ, મિતાહાર તથા એકાંત સેવન દ્વારા વાણી, શરીર તથા મનને વશ કરી, નિત્ય ધ્યાનયોગમાં પરાયણ રહી, વૈરાગ્ય ધારણ કરી, અહંકાર, બળ, ઘમંડ, કામ, ક્રોધ અને પરિગ્રહનો ત્યાગ કરીને મમતારહિત અને શાંત થાય છે, આથી તે બ્રહ્મસ્થ થવાને યોગ્ય બને છે.

सर्वद्वाराणि संयम्य मनो हृदि निरुध्य च ।
मूर्ध्न्याधायात्मनः प्राणमास्थितो योगधारणाम् ॥
अभ्यासयोगयुक्तेन चेतसा नान्यगामिना ।
परमं पुरुषं दिव्यं याति पार्थानुचिन्तयन् ॥

पुरुषः स परः पार्थ भक्त्या लभ्यस्त्वनन्यया ।
यस्यान्तःस्थानि भूतानि येन सर्वमिदं ततम् ॥

(ગીતા, ૮-૧૨,૮,૨૨)

અર્થ : સર્વ ઈન્દ્રિયો રૂપી દરવાજા બંધ કરી, મનને હૃદયમાં રોકી, પોતાના પ્રાણને મસ્તકે બ્રહ્મરંધ્રમાં સ્થાપી યોગધારણાનો આશ્રય કરનારો પુરુષ 'ઓમ્' એવા એકાક્ષર બ્રહ્મનો જપ કરતો, અભ્યાસ યોગથી યુક્ત થઈ, પોતાના સ્વરૂપનું સ્મરણ કરતો, બીજે નહિ જનારા ચિત્ત વડે ચિંતન કરતો દિવ્યપુરુષ-પરબ્રહ્મને પામે છે.

આ શ્લોકોમાં ઇશ્વરપ્રાપ્તિના સાધન તરીકે ક્યાંય કોઈ પ્રકારની મૂર્તિ, શરીર કે સ્થૂળ રૂપનું ધ્યાન કરવાનું કહેવામાં આવ્યું નથી. ઊલટું, મનની બહિર્મુખી **(Outward)** વૃત્તિઓને અન્તર્મુખી **(Inward)** કરી યોગના અભ્યાસને જ બ્રહ્મની પ્રાપ્તિનું એકમાત્ર સાધન બતાવવામાં આવ્યું છે. ઘણા એવું કહે છે કે યોગાભ્યાસ નિરાકારની ઉપાસના છે. જ્યારે ઇશ્વરને સાકાર માનનારાઓ સાકાર રૂપ અને મૂર્તિઓ દ્વારા ઉપાસના કરે છે. પરંતુ આવું કહેવું યોગ્ય નથી, કારણ કે ઉપાસનાનો અર્થ થાય છે 'નજીકની સ્થિતિ - નિકટની સ્થિતિ.' હવે વિચાર કરો કે ઇશ્વર તો સર્વવ્યાપક હોવાથી પેલી મૂર્તિઓમાં પણ વ્યાપક છે, પરંતુ ઉપાસકનો આત્મા પોતાના શરીરની બહાર નીકળી પેલી મૂર્તિઓમાં ઘૂસી શકતો નથી. આમ મૂર્તિમાં રહેલા સર્વવ્યાપક ઇશ્વર અને દેહમાં રહેલા ઉપાસકના આત્માનું મિલન અસંભવ હોવાથી મૂર્તિપૂજા દ્વારા ઉપાસના કદાપિ સંભવી શકતી નથી. હા, પ્રત્યેક જીવધારીના શરીરમાં હૃદય પ્રદેશમાં ઉપાસ્ય (ઇશ્વર) અને ઉપાસક (જીવાત્મા) બંને ઉપસ્થિત છે. માટે મૂર્તિપૂજા વગેરેનો ત્યાગ કરી હંમેશા પોતાના શરીરમાં જ ધારણા, ધ્યાન અને સમાધિ દ્વારા સંયમ કરી પરમાત્માની પ્રાપ્તિ માટે ઉદ્યોગ કરવો જોઈએ. આ પ્રકારની નિરાકાર ઉપાસના જ ગીતાનું અભીષ્ટ લક્ષ્ય છે. શ્રીકૃષ્ણે કહ્યું છે કે હું પણ એ જ પરમાત્માના શરણને પ્રાપ્ત થાઉં છું. જેમ કે-

ततः पदं तत्परिमार्गितव्यं यस्मिन् गता न निवर्तन्ति भूयः ।
तमेव चाद्यं पुरुषं प्रपद्ये यतः प्रवृत्तिः प्रसृता पुराणी ॥

(ગીતા ૧૫-૪)

અર્થ : સંસારની વાસનાઓથી મુક્ત થઈને પછી એવું ઈશ્વર પ્રાપ્તિનું પરમપદ શોધવું જોઈએ કે જ્યાં ગયેલા જીવો વારંવાર આ મરણરૂપ સંસારમાં પાછા આવતા નથી. હું એ જ આદિ પુરુષ **(Beginingless & Eternal)** પરમાત્માને પ્રાપ્ત થાઉં છું કે જેનાથી આ અનાદિ સંસારની પ્રવૃત્તિ વિસ્તાર પામી છે.

तमेव शरणं गच्छ सर्वभावेन भारत ।
तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम् ॥

અર્થ : હે ભારત ! તું સર્વ ભાવથી તે પરમાત્મને શરણે જા; તેની કૃપાથી તું પરમ શાંતિ અને મોક્ષપદ પામીશ.

નિષ્કર્ષ : આખી ગીતામાં પરમેશ્વરને ક્યાંય સાકાર કહેવામાં આવ્યા નથી. બધે જ તેને નિરાકાર જ કહેવામાં આવ્યા છે. ગીતામાં ક્યાંય ઈશ્વરની કલ્પિત મૂર્તિ બનાવી એ મૂર્તિની પૂજા-અર્ચના કરવાની આજ્ઞા આપવામાં આવી નથી. ગીતામાં તો નિરાકાર ઉપાસનાનું જ વર્ણન કરવામાં આવ્યું છે. યોગભ્યાસને જ ઈશ્વરપ્રાપ્તિનું સાધન બતાવવામાં આવ્યું છે. આ પુસ્તકમાં ઉદ્ધૃત કરેલા ગીતાના શ્લોકોનો અભ્યાસ કરવાથી જણાશે કે શ્રીકૃષ્ણજી પરમાત્માને સ્વયંથી ભિન્ન જ માનતા હતા. તેમણે હંમેશાં ઈશ્વર માટે 'તે' (ત્રીજો પુરુષ એકવચન)નો જ પ્રયોગ કરીને વર્ણન કર્યું છે. પાઠકમિત્રો ! વાંચો, વિચારો, અસત્યનો ત્યાગ કરી સત્યને ગ્રહણ કરો. ॥ शमित्योम् ॥

❑

શ્રીકૃષ્ણ-એક પરમ ઇશ્વરભક્ત

મહાપુરુષોની દિનચર્યા પણ આદર્શ તેમ જ આપણા જીવનને નિરંતર પ્રેરણા આપનારી હોય છે. 'महाजनो येन गतस्स पन्थाः'ની પ્રસિદ્ધ કહેવત પ્રમાણે સામાન્ય માણસો તો મહાન વ્યક્તિઓનું જ અનુકરણ કરતા હોય છે. પરંતુ આપણા સમાજની એક વિચિત્ર વિશેષતા રહી છે કે જે કોઈ મહાપુરુષે પ્રજાના સુખ તેમ જ શાંતિ માટે તત્કાલીન અજ્ઞાન, અભાવ, અન્યાય અને અત્યાચાર વિરૂદ્ધ અવિરત સંઘર્ષો કર્યા, તેમને આપણે મહામાનવ ન માની સાક્ષાત્ ઈશ્વરના અવતાર જ માની લીધા. આપણે તેમને ઈશ્વર સિદ્ધ કરવા માટે જન્મથી જ તેમના જીવનમાં અનેક અલૌકિક, દિવ્ય ઈશ્વરીય ગુણો હતા, એવું સ્વીકારી લઈ અનેક જાતની કાલ્પનિક ગાથાઓ તેમના જીવનમાં જોડી દઈએ છીએ. દુર્ભાગ્યે આપણા દેશમાં શ્રીકૃષ્ણ જેવા અનેક આપ્ત પુરુષોના ઐતિહાસિક જીવન માં આવું કલ્પિત ઈશ્વરત્વ થોપી દઈ જનતાને ભ્રમિત કરવાના હીન પ્રયત્નો થયા છે અને આજે પણ થઈ રહ્યા છે. પરિણામે જનતા આવા વિરલા પૂર્વજોને ઈશ્વરના અવતાર માની ધીમે ધીમે પૂજવા લાગી. મહાન પુરુષોના જીવન ચરિત્રોનું અનુકરણ કરી બીજા મનુષ્યો પણ એવા બનવા માટે પ્રયાસ કરે એ પ્રેરણાસ્પદ માનવીય ભાવના અવતારવાદને કારણે ખલાસ થઈ ગઈ. કારણ કે એ તો ઈશ્વર જ હતા, અમારાથી તેમનાં જેવાં કાર્યો ક્યાંથી થઈ શકે ? -આવા હીન ભાવથી માનવ સમાજની ઉન્નતિનો માર્ગ રૂંધાયો છે. શ્રીકૃષ્ણના જીવનની સાથે પણ આપણે આવો જ અન્યાય કર્યો છે. તેઓ ફક્ત એક રાજનીતિજ્ઞ જ નહોતા, પરંતુ એક પરમ ઈશ્વરભક્ત પણ હતા. મહાભારતમાં જોવા મળતા તેમના જીવનના કેટલાક આદર્શો અહીં પ્રસ્તુત છે-

(૧) વૈશમ્પાયન જનમેજયને કહે છે - હે જનમેજય ! શ્રીકૃષ્ણ

અડધો પ્રહર રાત્રિ બાકી રહે છે ત્યારે પથારી છોડી દઈ, ધ્યાનમાં સ્થિર થઈ, સત્ય સનાતન પરમાત્માની સ્તુતિ-પ્રાર્થના-ઉપાસના કરવા બેસી જાય છે.

પરમેશ્વરનું ધ્યાન કરી શૌચાદિ નિત્ય કર્મોમાંથી નિવૃત્ત થઇ સ્નાન કરે છે. પછી ગાયત્રી વગેરે મંત્રોનો જપ કરી અગ્નિહોત્ર (હવન) કરે છે. ત્યારબાદ ચારે વેદોને જાણતા વિદ્વાનોને બોલાવી વેદમંત્રનો પાઠ તેમ જ ઉપદેશ કરાવી આ વિદ્વાનોને ગાયોનું દાન કરે છે. (શાંતિપર્વ, અ-૫૩)

(૨) શ્રીકૃષ્ણ સન્ધિનો પ્રસ્તાવ લઈ જ્યારે હસ્તિનાપુર જઇ રહ્યા હતા ત્યારે માર્ગમાં ઋષિઓના આશ્રમમાં વિશ્રામ કરે છે. આ વિશે વૈશમ્પાયન જનમેજયને કહે છે કે શ્રીકૃષ્ણે સ્નાનાદિ કાર્યો કરી પ્રાત:કાલીન સન્ધ્યા કરી દૈનિક અગ્નિહોત્ર કર્યો. ત્યારબાદ આશ્રમના ઋષિઓનો કલ્યાણકારી ઉપદેશ સાંભળ્યો. (ઉદ્યોગપર્વ, અ-૮૩)

(૩) શ્રીકૃષ્ણ જ્યારે વૃકસ્થલ નામના સ્થાને પહોંચે છે ત્યારે સૂર્ય અસ્ત થવાની તૈયારીમાં હતો. તે વખતે શ્રીકૃષ્ણ રથ પરથી નીચે ઊતરી, શૌચાદિ કરી, સાયંકાલીન સન્ધ્યા કરવા માટે બેસી જાય છે. (ઉદ્યોગપર્વ, અ-૮૫)

(૪) શ્રીકૃષ્ણ વિદુરને ઘરે રાત્રિના મોડે સુધી વાર્તાલાપ કરતા રહ્યા. રાત્રિએ ત્યાં જ વિશ્રામ કર્યો. પ્રાત:કાળે શ્રીકૃષ્ણ બ્રાહ્મ મુહૂર્તમાં ઊઠી જઈ, શૌચ-સ્નાનાદિ કાર્યોમાંથી નિવૃત્ત થઈ, સન્ધ્યા અને અગ્નિહોત્ર કરે છે. દુર્યોધન વગેરે જ્યારે શ્રીકૃષ્ણને મળવા આવે છે ત્યારે તેઓ સન્ધ્યામાં બેઠા હતા. (ઉદ્યોગપર્વ, અ-૯૪)

(૫) સંશપ્તકો સાથે યુદ્ધ કરતી વખતે અર્જુનના મનમાં કંઈક અનિષ્ઠ થવાની આશંકા પેદા થાય છે. શ્રીકૃષ્ણ તેની આશંકા દૂર કરે છે અને પછી બંને પરમેશ્વરની સન્ધ્યા ઉપાસના કરે છે. પછી રથ પર આરૂઢ થઈ, યુદ્ધસ્થળ છોડી દઈ પોતાની શિબિર તરફ પ્રસ્થાન

કરે છે. (દ્રોણપર્વ, અ-૭૨)

મહાભારતના આ ઉદ્ધરણો પરથી સ્પષ્ટ જાણી શકાય છે કે ચાહે સામાન્ય સંજોગો રહ્યા હોય કે યુદ્ધ કે યાત્રાનો સમય હોય, શ્રીકૃષ્ણે કદી પરમાત્માની સન્ધ્યા-ઉપાસનાનો નિત્યક્રમ તોડ્યો નથી. આવા પરમ ઈશ્વરભક્ત મહાપુરુષના જીવનમાંથી વેદોક્ત ઈશ્વરભક્તિ શીખવાને બદલે આપણે તેમને જ ઈશ્વર માની લેવાનો અક્ષમ્ય અપરાધ કર્યો છે. શું આવું કરવું એ સૃષ્ટિના રચયિતા ઈશ્વરનો દ્રોહ અને યુગપુરુષ શ્રીકૃષ્ણનો અનાદર નથી ?

□

મૂર્તિપૂજા નિષેધ

(૧) न तस्य प्रतिमा अस्ति यस्य नाम महद्यशः । (યજુર્વેદ ૩૨-૩)

જે પૂર્ણ, અજ, નિરાકાર અને સર્વવ્યાપક પરમાત્માનો મોટો મહિમા છે. તેની પ્રતિમા, મૂર્તિ, પ્રતિકૃતિ, પરિમાણ વગેરે નથી. પરમેશ્વર અનુપમેય, અમૂર્ત, અપરિમેય, નિરાકાર તથા સર્વવ્યાપક હોવાથી એકદેશીય પદાર્થ પ્રમાણે એની મૂર્તિ થઈ શકતી નથી.

(२) अन्धन्तमः प्र विशन्ति येऽसम्भूतिमुपासते ।
ततो भूयइव ते तमो यउ सम्भूत्याँ रताः ॥ **(યજુર્વેદ ૪૦-૯)**

જે 'અસંભૂતિ' અર્થાત્ સત્વ, રજસ્, તમસ્, ત્રણ ગુણો ધરાવતી અનુત્પન્ન, અવ્યક્ત, અનાદિ પ્રકૃતિની બ્રહ્મની જગ્યાએ ઉપાસના કરે છે તે અંધકાર અર્થાત્ અજ્ઞાન અને દુઃખસાગરમાં ડૂબી જાય છે. અને જે 'સંભૂતિ' અર્થાત્ પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલા પૃથ્વી આદિ ભૂત, પાષાણ અને વૃક્ષાદિ અવયવ તથા મનુષ્યાદિના શરીરની બ્રહ્મના સ્થાનમાં ઉપાસના કરે છે તેઓ તો તેના કરતા પણ વધારે ઘોર દુઃખરૂપ નરકમાં પડી મહાન કલેશ ભોગવે છે.

(३) न तस्य लिङ्गम् ।

(શ્વેતાશ્વતર ઉપનિષદ્ ૬-૯)

ઈશ્વરનું કોઈ ચિહ્ન કે પ્રતીક નથી.

(४) न संदृशे तिष्ठति रूपमस्य न चक्षुषा पश्यति कश्चिदेनम् ।

(કઠ ઉપનિષદ્ ૬-૯)

બ્રહ્મનું કોઈ રૂપ નથી અને ન તો આંખથી તેને જોઈ શકાય છે.

(૫) यच्चक्षुषा न पश्यति येन चक्षूंषि पश्यन्ति ।
तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ॥

(કઠ ઉપનિષદ ૧-૬)

જેને આંખથી જોઈ શકાતો નથી અને જેનાથી આંખો જોઈ શકે છે, તેને જ તું બ્રહ્મ જાણ અને તેની જ ઉપાસના કર. અને જે આનાથી ભિન્ન સૂર્ય, વિદ્યુત્ અને અગ્નિ વગેરે જડ પદાર્થ છે તેની ઉપાસના ન કરીશ.

(૬) यस्यात्मबुद्धः कुणपे त्रिधातुके
स्वधीः कलत्रादिषु भौम इज्यधीः ।
यत्तीर्थबुद्धिः सलिलेन कर्हिचिद्
जनेष्वभिज्ञेषु स एव गोखरः ॥

(શ્રીમદ્‌ભાગવત ૧૦-૮૪-૧૩)

જે લોકો આ શરીરને જ આત્મા સમજે છે; સ્ત્રી-પુત્રાદિમાં મમત્વ બુદ્ધિ રાખે છે; માટી, પત્થર, લાકડું વગેરેમાંથી બનાવેલી મૂર્તિઓને જે પૂજ્ય અથવા દેવ માને છે તથા પાણીમાં જે તીર્થ બુદ્ધિ રાખે છે એવા લોકો વિદ્વાનોની વચ્ચે ગધેડા જેવા લાગે છે.

(૭) मृच्छिलाधातुदार्वादिर्त्तावीश्वरबुद्धयः ।
क्लिश्यन्ति तपसा मूढाः परां शान्तिं न यन्ति ते ॥ **(મહાભારત)**

જે મૂર્ખ લોકો માટી, પત્થર, ધાતુ કે લાકડામાંથી બનાવેલી મૂર્તિઓને ઈશ્વર માની તેની પૂજા કરે છે તેઓ કદી પણ મોક્ષ મેળવતા નથી.

(૮) तीर्थेषु पशुयज्ञेषु काष्ठपाषाणमृन्मये ।
प्रतिमायां मनो येषां ते नरा मूढचेतसः ॥

–આદિ શંકરાચાર્ય કૃત 'વરાપૂજા'

તીર્થોમાં, પશુબલિ ધરાવતા યજ્ઞોમાં અને લાકડા, પત્થર

તથા માટી વગેરેની મૂર્તિઓમાં જેનું મન છે એવા લોકો મૂઢ છે.

(૯) पाथर पूजे मुग्ध गवाँर ।
जो आप डूबे तुम कहां तारण हार ।।

(૧૦) पाथर पूजे हरि मिले तो हम पूजें पहार ।
ताते तो चक्की भली पीस खाये संसार ।।

-કબીર

(૧૧) "ઘણા બધા વિદ્વાન બ્રાહ્મણો મૂર્તિપૂજાની પોકળતાને સારી રીતે સમજતા હોવા છતાં પણ તેના ગીત ગાયા કરે છે. કારણ કે મૂર્તિપૂજા સંબંધી કાર્યો અને ઉત્સવોથી બ્રાહ્મણોને દરેક પ્રકારની સુવિધાઓ તેમજ ધન મળે છે. તેથી તેઓ મૂર્તિપૂજા અંગે કરવામાં આવતા આક્ષેપોના જવાબો આપવા સદા તત્પર રહે છે, એટલું જ નહીં પણ પોતાના સામર્થ્ય અનુસાર તેના પ્રચાર અને પ્રોત્સાહન અર્થે તન-મન-ધનથી ઝુકાવી દે છે. આ કાર્યની સિદ્ધિ માટે તેઓ ધર્મશાસ્ત્રોને છુપાવી રાખવાના પ્રયત્નો કરે છે. તેમના અનુયાયીઓ પણ પોતાના નેતામાં આંધળો વિશ્વાસ ધરાવે છે. તેમને એ વાતની ચિંતા નથી હોતી કે આવી (પૂજા) વિધિઓ નૈતિક સિદ્ધાન્તોને માટે ઘાતક અને અનેક પ્રકારની રૂઢિઓ અને અંધવિશ્વાસોની જનની છે."

-રાજારામમોહનરાય (વર્ક ઓફ રાજારામમોહન રાય, પ્રથમ ભાગ, પૃ. -૭૦)

(12) "God is eternal, without any form, omnipresent. To think of him as possessing any form is blasphemy."

અર્થાત્ "પરમેશ્વર નિત્ય, નિરાકાર તથા સર્વવ્યાપક છે. તેને સાકાર માનવા એ તેની નિંદા કરવા જેવું છે." **-સ્વામી વિવેકાનંદ**

(કમ્પ્લીટ્ વર્કસ ઓફ સ્વા. વિવેકાનંદ, ભાગ-૭, પૃ. - ૪૧૧)

(૧૩) "સગુણ ઈશ્વરની વિરુદ્ધ બુદ્ધના લગાતાર તર્ક કરવાને

લીધે ભારતમાં મૂર્તિપૂજા ચાલુ થઈ. વૈદિક યુગમાં પ્રતિમા પૂજાનું અસ્તિત્વ નહોતું. એ સમયે લોકોની એવી ધારણા હતી કે ઈશ્વર સર્વત્ર બિરાજમાન છે. પરંતુ બુદ્ધના પ્રચારને કારણે આપણે જગત સ્રષ્ટા તેમ જ આપણા સખા સ્વરૂપ ઈશ્વરને ખોઈ બેઠા અને તેની પ્રતિક્રિયા સ્વરૂપ પ્રતિમા પૂજાની ઉત્પત્તિ થઈ. લોકોએ બુદ્ધની મૂર્તિ બનાવી પૂજા કરવી શરૂ કરી.'' **-સ્વામી વિવેકાનંદ** (દેવવાણી, પૃ. ૭૩)

(૧૪) ''મૂર્તિપૂજા સીડી નહિ.પરંતુ એક મોટી ખાઈ છે, જેમાં પડવાથી મનુષ્ય ચકનાચૂર થઈ જાય છે. તે આ ખાઈમાંથી કદી નીકળી શકતો નથી, પરંતુ તેમાં જ મૃત્યુ પામે છે.''

-મહર્ષિ દયાનંદ (સત્યાર્થપ્રકાશ, પૃ. ૨૧૪)

❑